

## વડીલોને વંદન અભિનંદન



નવનીતભાઈ કેશવલાલ શાહ
(૧૯૩૨)ફોન:૨૩૨૬૦૦૩૭



ગોવિંદલાલ નટવરલાલ પરીખ
(૧૯૩૮)ફોન:૨૬૮૫૪૦૬૪



બટુકરાય ગોરધનદાસ દસાડીયા
(૧૯૩૬)ફોન:૨૩૨૨૫૦૧૦



કલ્પનાબેન ચંદ્રવદન મોદી
(૧૯૪૫)ફોન:૨૩૨૨૫૧૫૨

## હિંમતનગરમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમની લોક અદાલત યોજાઈ

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આર.ટી.ઓ. ચોકડી પાસે આવેલ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ખાતે શનિવારે બીજી લોક અદાલત યોજાઈ હતી. જેનો પ્રારંભ ગ્રાહક તકરાર નિવારણ ફોરમના પ્રમુખ-એ.એસ. બુધવાણીએ કરાવ્યો હતો. આ પ્રસંગે સભ્ય એમ.ડી. પટેલ અને બાર એસો.ના પ્રમુખ એમ.એચ. સુતરીયા હાજર રહ્યા હતા. આ યોજાયેલી બીજી લોક અદાલતમાં ૫૦ કેસો સમાધાન માટે મુક્યા હતા જેમાંથી ૧૬ કેસોનું સુખદ સમાધાન થયું હતું.

## સાબર ટ્રાફિક બ્રિગેડ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં શનિવારે માય ઓન હાઈસ્કુલ ખાતે સાબર ટ્રાફિક બ્રિગેડ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં માય ઓન હાઈસ્કુલના ધો-૫ થી ૯ના ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, બીજો અન ત્રીજો નંબર આપી સાબર ટ્રાફિક બ્રિગેડના પ્રમુખ દિલીપભાઈ ગાંધી ઉપપ્રમુખ પ્રશાંત શાહ, મંત્રી જતીન શાહ, જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક જયોતિ પંકજ પટેલ અને હિંમતનગર ટાઉન પોલીસ મથકના પીઆઈ-એ.બી. વાટલિયાના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ૧૨ જાન્યુઆરીથી ભવ્ય શરૂઆત

## પતંગ મહોત્સવ આઠ દિવસ સુધી ચાલશે : રિવરફ્રન્ટ ખાતે થીમ પેવેલીયન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન : દેશ-વિદેશના પ્રવાસી આકર્ષિત

અમદાવાદ, તા.૦૪

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૧૨મીએ સવારે ૯.૦૦ વાગ્યે ઉદ્ઘાટન કરશે જોકે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન સાતમીથી થઈ રહ્યુ છે. આ વર્ષે પતંગ મહોત્સવ આઠ દિવસ સુધી ચાલશે. રિવરફ્રન્ટ ખાતે થીમ પવેલિયન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયુ છે.

ગુજરાત એટલે તહેવારોનો પ્રદેશ... વર્ષનું આગમન પણ ઉત્સવથી અને વર્ષની વિદાય પણ રાજ્યનાં વિકાસની ચર્ચા ચારેકોર પાંગરી રહી છે ત્યારે તા. ૭ જાન્યુઆરી-૨૦૧૪ થી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ગુજરાતમાં આયોજન થઈ રહ્યું છે. રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગ દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરે છે અને દેશ વિદેશના લોકો આ ઉત્સવથી સહભાગી બને છે. ગુજરાતના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવે દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષ્યા છે જેના કારણે રાજ્યની પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળ્યો છે એટલું જ નહીં પ્રવાસન સાથે જોડાયેલા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વધુ રોજગારી મળી રહી છે તેમ રાજ્યના પ્રવાસન મંત્રી સૌરભ પટેલે આજે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પતંગ ઉત્સવનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજન થતા આ દિવસો દરમ્યાન રાજ્યમાં વિદેશ પ્રવાસીઓની સંખ્યામાં સારો એવો વધારો જોવા મળ્યો છે. રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગના આ પ્રકારના સફળ આયોજનથી રાજ્યનું અર્થતંત્ર પણ વધુ મજબુત બન્યું છે એટલું જ નહીં પતંગ બનાવીને પોતાનું ગુજરાન ચલાવનાર ધંધાર્થીઓની પણ આર્થિક સ્થિતિ સુધરી છે અને અન્ય આનુષંગિક રોજગારીની તકોમાં પણ વધારો થયો છે. આ વર્ષના પતંગ મહોત્સવની વિગતો આપતા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે પતંગ ઉત્સવ તા. ૭ થી ૧૪ જાન્યુઆરી સુધી એમ ૮-દિવસ યોજાશે. જેમાં રાજ્યના પતંગબાજો સાથે દેશ વિદેશનાં પતંગબાજો પણ પોતાનું કૌશલ્ય ઝળકાવશે. આ પતંગ ઉત્સવ દરમ્યાન તા. ૧૧-૧-૧૪ના રોજ સાંજે ૭-૦૦ વાગ્યે, સાબરમતી રીવરફ્રન્ટ ખાતે થીમ પેવેલીયનનું ઉદઘાટન કરાશે અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ થશે. આ જ સ્થળે તા. ૧૨-૧-૧૪ના રોજ સવારના ૯:૦૦ કલાકે રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૪નું ઉદઘાટન કરશે અને પતંગબાજોના ઉત્સાહને વધારશે. મુખ્યમંત્રી થીમ પેવેલીયનની અને અન્ય સુવિધાઓની મુલાકાત લેશે. આ પ્રસંગે યોજાયેલા સમારોહમાં ભાગવત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા આદિત્ય સ્તુતિ પ્રસ્તુત કરાશે. સૂર્યની સ્તુતિની સાથે ૨૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા સૂર્ય નમસ્કાર સ્વરૂપે અંગ કસરતના કરતબો રજુ કરાશે. આ પ્રસંગે દેશ-વિદેશના વિવિધ પતંગબાજો દ્વારા માર્ચ પાસ્ટ પણ કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ પતંગની થીમ પણ આપણી સંસ્કૃતિની ઝલક સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રજુ થશે. પ્રવાસન નિગમ દ્વારા દરરોજ સાંજ બાદ પતંગ રસીયાઓ માટે ખાસ તુક્કલ ચગાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. તા. ૧૩મી જાન્યુઆરીના રોજ દિવસ દરમ્યાન પતંગ ઉત્સવ યોજાશે અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ જ રીતે તા. ૧૪મી જાન્યુઆરીને મકરસંક્રાતિના દિવસે દેશ વિદેશના પતંગબાજો અમદાવાદની સાંસ્કૃતિક વિરાસત એવી પોળોમાં પતંગ ચલાવવાનો લ્હાવો માણશે.

સાથે સાથે તા. ૧૨, ૧૩ અને ૧૪ જાન્યુઆરીના રોજ સમગ્ર દિવસ દરમ્યાન રિવરફ્રન્ટ ગ્રાઉન્ડ ઉપર પણ દેશ-વિદેશના પતંગબાજો દ્વારા પતંગો ચગાવવામાં આવશે અને પતંગ ઉત્સવ-૨૦૧૪ની ભવ્યતિભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમોમાં પ્રવાસન રાજ્યમંત્રી જયેશ રાદડીયા, ગુજરાત પ્રવાસન નિગમના અધ્યક્ષ કમલેશ પટેલ સહિતના મહાનુભાવો અને બહોળી સંખ્યામાં નગરજનો પતંગરસિયાઓ ઉપસ્થિત રહેશે તેમ પણ મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું.

## પાલનપુરમાં ઠંડીનો પ્રકોપ યથાવત : વધુ એક શ્રમિકના મોત સાથે મૃત્યુ આંક ૭ એ પહોંચ્યો

બનાસકાંઠા જિલ્લામાં ઠંડીનો પ્રકોપ યથાવત રહેતા તેનો સીધો ભોગ બીમાર રહેતા ભટકતું જીવન વ્યતિત કરતા લોકો બની રહયા છે. જીલ્લા મુખ્યાલય પાલનપુરમાં જ ઠંડીના પ્રકોપ વચ્ચે મૃત્યુઆંક ૭ ને આંબી ગયો



છે. ગતરોજ પાલનપુર સિવિલ હોસ્પિટલના પી.એમ.રૂમ પાસેથી એક અજાણ્યા શખ્સનો મૃતદેહ મળી આવતા ભટકતુ જીવન ગુજારતા લોકોના જીવ પડીકે બંધાયા છે.

ઉત્તર ગુજરાતમાં શિયાળાની કાતીલ ઠંડીનો પ્રકોપ વધતા જનજીવન અસ્ત વ્યસ્ત બની ગયુ હતું. જોકે, છેલ્લા ૧૨ કલાકમાં ઠંડીની માત્રા ઘટી રહી હોવા છતાં પાલનપુરમાં ગતરાત્રે વધુ એક શખ્સનો મૃતદેહ મળી આવતા માત્ર પાલનપુરમાં જ બાર દિવસમાં કાતીલ ઠંડી વચ્ચે ૭ વ્યક્તિઓના મોત નિપજ્યા હોવાનું અનુમાન વ્યકત થઈ રહયું છે. આમ પાલનપુરમાં જ પાંચ પુરૂષ અને એક મહીલાનું ઠંડીના કારણે મોતને ભેટતા ઉપર આભ અને નીચે ધરતી વચ્ચે જીવતા લોકોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

## આજે હિંમતનગર શહેરમાં મીની સાયકલ રેસ યોજાશે

હિંમતનગર, તા.૪

રાજયની ૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા કલેકટર કચેરી દ્વારા હિંમતનગર શહેરમાં તા. ૫મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ 'મીની સાયકલ રેસ' કાર્યક્રમ યોજાશે.

પ્રકૃતિનું જતન કરવા અને લોકોમાં પર્યાવરણ અંગે જાગૃતિ આવે તેવા ઉમદા આશયથી સાબરકાંઠા જિલ્લા કલેકટર કચેરી દ્વારા હિંમતનગર શહેરમાં 'મીની સાયકલ રેલી'નું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૫મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સવારે ૮-૦૦ કલાકે સાયકલ રેસ જિલ્લા પોલિસ વડા કચેરીથી પ્રારંભ થશે. શહેરના મોતીપુરા સર્કલ, ખેડ-તસીયા રોડ, મહાવીરનગર ચાર રસ્તા, ટાવર રોડ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થશે.

૫ કિ.મી.ની આ સાયકલ રેસમાં રાજય સ્તરના વિવિધ સાયકલિસ્ટ તથા શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, અગ્રણી નાગરિકો ભાગ લેશે.



## પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં વિવિધ ડે ની ઉજવણી કરવામાં આવી

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે તાજેતરમાં વિવિધ ડે ની ઉજવમી કરવામાં આવી હતી. જેમાં સ્વરક્ષણ, સાડી, પર્યાવરણ, સુરક્ષા દિવસ મનાવવામાં આવ્યા હતા. શહેરની કોલેજોમાં અત્યારે વિવિધ ડે મનાવવામાં આવે છે. ત્યારે સે. ૭ ખાતે આવેલી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દિવસો મનાવવામાં આવ્યા છે. તા. ૨૮ ડિસેમ્બરથી તા. ૨ જાન્યુઆરી દરમ્યાન વિદ્યાર્થિનીઓએ સ્વરક્ષણ દિવસ, પર્યાવરણ સુરક્ષા દિવસ, વિશ્વ શાંતિ દિવસ, ફુડ ફન દિવસ જેવા દિવસો નિમિત્તે કાર્યક્રમ અંતર્ગત કૃતિઓ રજૂ કરી ઉજવણી કરવામાં આવી હતી. સાડી દિવસ નિમિત્તે કોલેજની વિદ્યાર્થિનીઓ અવનવી સ્ટાઈલમાં સાડી પહેરી દિવસ ઉજવ્યો હતો. જેમાં દરરોજ પંજાબી ડ્રેસ પહેરતી વિદ્યાર્થિનીઓ સાડી પહેરવાથી ઉત્સાહીત થઈ પોતાની ખુશી વ્યક્ત કરી હતી. વિવિધ દિવસ નિમિત્તે કોલેજ પરિવારે વિદ્યાર્થીઓમાં પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

## શહેર વસાહત મહામંડળ દ્વારા સિવિલ હોસ્પિટલના પ્રસુતિગૃહ ખાતે ગરમ ધાબળા વિતરણ કર્યા

### ફૂટપાથ પર શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને આવરી લીધા

ગાંધીનગર, તા. ૪

શહેરમાં હાડ થિજવતી ઠંડી પડી રહી છે ત્યારે ઠંડીમાં રાહત મળી તેવા હેતુથી ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા.

શહેરમાં સેવાનો સેતુ બાંધતી સંસ્થા શહેર વસાહત મંડળ દ્વારા વર્ષમાં અનેક સેવાકીય કાર્યો હાથ ધરે છે. ઋતુ પ્રમાણે પોતાની સેવા આપવામાં આવે છે. ત્યારે સિવિલ ખાતે પ્રસુતિ માટે દાખલ થયેલ પ્રસુતા બહેનોને નિઃશુલ્ક ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા.

તેમજ કાર્યક્રમ દરમ્યાન સોમાભાઈ પટેલ દ્વારા ચલાવવામાં આવતા ફૂટપાથ શિક્ષણ વર્ગના વિદ્યાર્થીઓને પણ ગરમ ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. ગરમ વસ્ત્રો મળતા વિદ્યાર્થીઓની ખુશી સમાતી ન હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સિવિલ સર્જન પટેલ સાહેબ, મેડીકલ કોલેજના સીઈઓ બૂચ સાહેબ, મહામંડળના પદાધિકારીઓ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, નિલેન્દુ વોરા, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, ચેતના બૂચ તેમજ મીરા મેઘરાજાની ઉપસ્થિત રહી સેવાઓ પૂરી પાડી હતી.



(તસવીર : સંજય રાવલ)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા ગામે પ્રાથમિક શાળામાં આજે સી.આર.સી. તાલીમ યોજવામાં આવી હતી. આ ઉપરાંત નવાપુરા શાળામાં પણ આ તાલીમ યોજવામાં આવી હતી. પ્રાંતિજ તાલુકાના બોરીયા, નવાપુરા અને ધડકણ ગામોમાં સી.આર.સી. તાલીમ યોજવામાં આવી હતી.મજરા જુથ કક્ષાના બોરીયા ગામે યોજાયેલી તાલીમમાં કુલ ૬૩ શિક્ષકો હાજર રહ્યા હતા અને નવાપુરા શાળામાં ૩૫થી પણ વધારે શિક્ષકોએ હાજરી આપી હતી. મજરા જુથના સીઆરસી ઈન્ચાર્જ એ.આર. મન્સુરી અને ઓરાણ જુથના સુનીલ કડીયાએ ઓનલાઈન પ્રોગ્રામમાં જોડાવવા અપીલ કરી હતી તેમજ પુરતું માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

## પરખ સંસ્થા દ્વારા હિંમતનગર તાલુકામાં ગ્રાહક સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવાયું

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે 'પરખ' સંસ્થા દ્વારા તાલુકામાં વિવિધ ગામે ગ્રાહક સુરક્ષા અંગેના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

હિંમતનગરના મોતીપુરા ખાતે લેન્ડમાર્ક હોટલમાં તેમજ વાઘેલાવાસ ખાતે ગ્રાહક સુરક્ષા અંગેની મીટીંગનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત ચંદ્રનગર મુકામે પણ ગ્રાહક સુરક્ષા શિબિર યોજવામાં આવી હતી. વિવિધ કાર્યક્રમો અંતર્ગત પંચશીલ વિદ્યાલયમાં પ્રદર્શન અને દેરોલ ગામમાં શેરીસભાનું આયોજન કરીને પણ ગ્રાહક સુરક્ષા અંગેની જાણકારી લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

ગ્રાહકો તોલમાપમાં કેવી રીતે છેતરાય છે. સામાન્ય ગ્રાહકે ખરીદી કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ, વેપારી વર્ગ દ્વારા કેવા પ્રકારની ભેળસેળથી કેવા રોગો થાય છે જેવી બાબતો અંગે આ કાર્યક્રમો દરમિયાન વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમોનું સંચાલન પરખ સંસ્થાની સામાજીક કાર્યકર્તા બહેનો પીન્કીબેન પંચાલ, વર્ષાબેન, વિણાબેન, આરતીબેન, પારૂલબેન વગેરેએ સંભાળ્યું હતું.

## ડીસામાં યુવતિએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ડીસા, તા. ૪

ડીસા શહેરના શ્યામ બંગ્લોઝ વિસ્તારમાં એક યુવતિએ પોતાના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી હતી. અગમ્ય કારણોસર યુવાન દીકરીએ પોતાનું જીવન ટુંકાવી દેતા તેના પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા અને તેમણે ઉંડા આઘાતની લાગણી અનુભવી હતી. આ ઘટના બાબતે પોલીસે જાણ કરાતા પોલીસે લાશનો કબજો મેળવી પોસ્ટમાર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ મોકલી આપી હતી તેમજ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

## શબ્દાવલી - ૫૨૭૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ■ | ૭ | | | ■ | | ■ | |
| ૮ | | ■ | ■ | ૯ | | ૧૦ | |
| | ■ | ૧૧ | ૧૨ | | ■ | | ■ |
| ૧૩ | ૧૪ | | | ■ | ૧૫ | | |
| ■ | ૧૬ | | ■ | ૧૭ | | | ■ |
| ૧૮ | ■ | ■ | ૧૯ | | | ■ | ૨૦ |
| ૨૧ | | | ■ | | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. વા વંટોળ, ઝંઝાવાત (૪)
૫. ખલ, વાટવાનો પથ્થર(૩)
૭. તાળુ ભરાવવાનો આંકડો(૩)
૮. અવાજ, રાગ (૨)
૯. ગામડાનો (૪)
૧૧. દયા (૩)
૧૩. મહેનત (૪)
૧૫. બારની સંખ્યાનો સમૂહ(૩)
૧૬. કુટેવ, આદત (૨)
૧૭. શબને ઓઢાડાતું વસ્ત્ર (૩)
૧૯. લોફર, આવારા (૩)
૨૧. ચળકાટ, ચમકારો (૩)
૨૨. નયન, આંખ (૨)

### ઊભી ચાવી

૨. બંદર, વાંદરો (૩)
૩. ઊંઘ કે ઘેનનું ડોલું (૨)
૪. નકામા કાગળ કે કાપડનો વીંટો (૨)
૫. સમાપ્ત, ખાલી (૩)
૬. લખનાર (૩)
૮. પોતાનું રાજ (૩)
૯. ગામડું (૨)
૧૦. વિભાગ (૪)
૧૧. ખેલ (૩)
૧૨. પ્રીત, વ્હાલ (૨)
૧૪. બેડુ, ગાગર (૨)
૧૫. એક વાદ્ય (૩)
૧૭. ગઝલ (૩)
૧૮. અધિકારીને છુપી રીતે અપાતી બક્ષિસ (૨)
૨૦. ભિખારી (૨)

### શબ્દાવલી ૫૨૭૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સહજ (૩) રાજ (૬) જીવન (૮) બજાર (૯) વીપ્ર (૧૧) નાહક (૧૩) માનવી (૧૪) લવાદ (૧૫) તાણ (૧૬) વાજા (૧૯) દાદાગીરી (૨૧) ધનવાન (૨૨) રસમ
**ઊભી ચાવી :-** (૧) સરાહના (૨) હજ (૩) વજીર (૪) રવ (૭) નવીનતા (૮) બકવાસ (૧૦) પ્રવીણ (૧૨) હલ (૧૬) વાદા (૧૭) જાગીર (૧૮) વાન (૧૯) દાન (૨૦) રીસ

## આનંદીમાના વડલો માણસા ખાતે મફત ચામડીના રોગોનો કેમ્પ

ગાંધીનગર, તા. ૪

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો પાલઈ વિઘ્નેશ્વરીધામ માણસા મફત ચામડીના રોગોનો સારવાર કેમ્પ આજરોજ રવિવાર, બપોરે ૨ કલાકથી ૬ કલાક દરમ્યાન બાવનમો કેમ્પ યોજવામાં આવશે.

લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓએ ૨ થી ૪ કલાક દરમ્યાન નામ નોંધાવવા જણાવ્યું છે. કેમ્પમાં ગાંધીનગરના સ્કીન નિષ્ણાત ડૉ. ગૌરવ પટેલ પોતાની સેવા આપશે તેમ સંસ્થાના ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવ્યું છે.

## ભ્રષ્ટાચારનું ભોંયરૂં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચકકરમાં ના પડવા વાળા વાહનચાલકોને આપવો જોઈએ. જો કે વાહનચાલકો નામ ન આપવાની શરતે જણાવી રહ્યા છે કે કચેરી દ્વારા આવા નંબરો જે કોઈ વાહનચાલકને વાંધો ન હોય તેમજ જેણે વધારાની ઉપરની રકમ ચુકવી ન હોય તેને ફાળવી દેતા હોય છે.

આ અંગે અત્યાર સુધીનો રેકર્ડ જો ફંફોસવામાં આવે તો નકકર હકીકત એ પણ બહાર આવવાની શકયતા છે કે કચેરી દ્વારા કદાપી ક્રમ મુજબ કે સીરીઝના ક્રમવાર કોઈ પણ વાહનચાલકને નંબર ફળવાયેલો નથી. વધુમાં આ તપાસ તારીખ વાર થાય તે અત્યંત ઈચ્છનીય હોવાનું વાહનચાલકો જણાવી રહ્યા છે. જો કે કચેરીના અધિકારીઓ દ્વારા '૧૩'ના અંકના સમાધાનકારી વલણ અન્વયે અન્ય વાહનચાલકોની સમજૂતી મુજબ નંબર પ્લેટની ફાળવણી થતી હોવાની વિગતો જાણવા મળી છે.

## કંપની સમાચાર

### ૭મી નેશનલ કોંગ્રેસ જેસ્યુટ એલ્યુમની ઓફ ઈન્ડિયા

જેસ્યુટ એલ્યુમની એસોસીએશન ઓફ ગુજરાત યોજે છે ૭મી નેશનલ કોંગ્રેસ જેસ્યુટ એલ્યુમની ઓફ ઈન્ડિયા તા. ૪ અને ૫ જાન્યુઆરી, ૨૦૧૪ના દિવસે અમદાવાદમાં. જેસ્યુટ એલ્યુમની એસોસીએશન ઓફ ઈન્ડિયા (જાઈ)ની ૪૩૬ જેસ્યુટ એજુકેશનલ સંસ્થાઓ ઈન્ડિયામાં કાર્યરત છે. આ સંસ્થાઓ ૪ ઝોનમાં વહેંચાયેલી છે. નોર્થ ઝોન, સાઉથ ઝોન, વેસ્ટ ઝોન અને સેંટલ ઝોન જે ૧૮ પ્રોવિંસીસ અને રાજયોમાં આવેલ છે. દર વર્ષે જેએએઆઈ તેની નેશનલ કોંગ્રેસ યોજે છે. જેમાં બધા જેસ્યુટ એલ્યુમની જેસ્યુટ એલ્યુમની ભાગ લે છે અને દેશની અગત્યની બાબતોની ચર્ચા કરે છે. ૨૦૧૪ નેશનલ કોંગ્રેસની થીમ છે. પ્રગતિશીલ ભારત માટે જેસ્યુટ એલ્યુમની. દેશના વિવિધ ભાગોમાંથી આશરે ૫૦૦ ડેલીગેટસ આ કોન્ફરન્સમાં હાજરી આપશે એવી ધારણા છે. સુપ્રસિદ્ધ વકતાઓ અને જુના વિદ્યાર્થીઓ જેવા કે સુદર્શન આયેન્ગર અને કાર્તિકેય સારાભાઈ કોન્ફરન્સના વકતવ્ય આપશે.

જેસ્યુટ એલ્યુમની એસોસીએશન ઓફ ઈન્ડિયાની વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે સ્પેઈન સાથે એલ્યુમની એક્ષચેન્જ કાર્યક્રમ જેમાં વિદેશી વિદ્યાર્થીઓને ભારતની જેસ્યુટ સંસ્થાઓમાં અભ્યાસ માટે સ્કોલરશીપ માળખાનું આયોજન કરી આપવું. જેમાં સમાચાર અને સામાજિક ન્યાય વગેરે વિશે જ્ઞાન મળે. જાગની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં વિવિધ રમતગમતની આંતર સંસ્થાકીય પ્રવૃત્તિઓ, જેમ કે ક્રિકેટ મેચીસ, વોલીબોલ મેચીસ, સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે રકતદાન શિબિર, પર્યાવરણદિન અને સ્વાસ્થ્ય ચિકિત્સા કેમ્પ તેમજ વિવિધ સ્થળે મનોરંજન કાર્યક્રમોનું ફાળા માટે આયોજન કરવામાં આવે છે.

## લોકસભા ચૂંટણી લડશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકસભાની ચૂંટણી લડવા અંગેનો નિર્ણય અન્ય રાજકીય પક્ષો સાથે કોઈ લેવાદેવા નથી. દિલ્હીમાં કોંગ્રેસ સાથએ કોઈ જોડાણ કરવામાં આવ્યુ નથી. કોઈને પણ નુકસાન થાય તે આધાર પર ચૂંટણી લડવામાં આવશે નહીં. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અથવા કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને નુકસાન અથવા લાભ થાય તેવી કોઈ યોજના નથી. આજે નવી દિલ્હીમાં એએપીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી હતી જેમાં લોકસભાની ચૂંટણી માટેની વ્યૂરચના પર ચર્ચા કરવામાં આવી હતી. પક્ષના વરિષ્ઠનેતાએ કહ્યુ હતુ કે વડાપ્રધાન તરીકે કેજરીવાલને જોવાની અમારી ઈચ્છા છે. આગામી લોકસભાની ચૂંટણી માટે એએપીના ઉમેદવારોની પ્રથમ યાદી ૧૦થી ૧૫ દિવસમાં જાહેર થશે. ચૂંટણી માટે ઉમેદવારોના નામના સંદર્ભમાં હજુ કોઈ ચર્ચા કરવામાં આવશે નહીં. એએપીના વરિષ્ઠનેતા યોગેન્દ્ર યાદવે કહ્યુ હતુ કે વડાપ્રધાન પદના હોદ્દા માટે રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી કરતા વધુ સારા વિકલ્પ હોઈ શકે છે. દિલ્હીમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં એએપીએ ૭૦ પૈકીની ૨૮ બેઠકો જીતી લીધી હતી. ભ્રષ્ટાચાર અને ભાવ વધારાની સામે મુખ્ય લડત ચલાવવામાં આવી હતી. આજની મિટિંગમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, હરિયાણા, તમિળનાડુના કાર્યકરો જોડાયા હતા. મુખ્યમંત્રી કેજરીવાલ ઉપરાંત તેમના સાથીઓ મનિષ સિસોદિયા ઉપસ્થિત રહ્યા હતા.

## વિક્રમી વાવેતર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી વિગતો મુજબ જિલ્લામાં કૃષિ સાથે વિકસેલ પશુપાલન માટે ઘાસચારાનું વાવેતર ૫૦૦ હેક્ટરમાં, જુવારનું વાવેતર ૭૭૫ હેક્ટરમાં અને રજકાનું વાવેતર ૧૧,૮૨૯ હેક્ટરમાં નોંધાયું છે.

રવિ સીઝનમાં ગાંધીનગર તાલુકામાં ૨૦,૦૩૩ હેકટર, માણસામાં ૧૯,૬૬૧ હેકટર, દહેગામમાં ૧૭,૪૨૫ અને કલોલમાં ૧૨,૫૧૦ હેક્ટરમાં વાવેતર થવા પામ્યું છે. રવિ સીઝન વાવેતરમાં પાકની સ્થિતિ સારી હોવાનો દાવો તંત્રના અધિકારીઓએ કર્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષે ૬૩,૮૨૯ હેક્ટરમાં વાવેતર થયું હતું જે ઉલ્લેખનીય છે. ગાંધીનગર તાલુકામાં ગત વર્ષ કરતાં ચાર હજાર હેક્ટરમાં વધુ વાવેતર થયું છે. જો કે દહેગામ અને કલોલમાં સરેરાશ વાવેતર જળવાઈ રહ્યું છે.

ટચૂકડી જાહેર ખબર

લોન - લોન - લોન

પર્સનલ લોન, મોર્ગેજ લોન, ગોલ્ડ લોન, ઓટો રીફાઈનાન્સ ઓછા વ્યાજ દરે

મો. ૯૯૦૪૮ ૨૬૨૬૩

મો. ૮૭૫૮૬ ૯૭૭૯૨

જોઈએ છે

કન્સ્ટ્રક્શન લાઈનના ડ્રાઈવર, ગ્રેજ્યુએટ માણસ

ફોન : ૯૮૨૫૮ ૦૫૧૪૧

સે.૪ડીમાં ફ્લેટ વેચવાના છે